## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વાત દિવો પ્રગટાવવાની થાય છે;
એમાં અંધારૂં શેનું અકળાય છે ?
થોડું અજવાળું સૌનું પથરાય છે
એમાં અંધારૂં શેનું અકળાય છે ?!

- કૃષ્ણ દવે

### પાથેય

- રમેશ ઠક્કર

## તેજનો તરાપો...

અંધકારને પડકારવો એ માણસની તલાશ રહી છે.આપણી અરજ હંમેશાં એ જ હોય છે કે જગતના ઉંડા આ અંધારેથી ઈશ્વર તું અમને પરમ તેજ તરફ લઈ જા.જે માણસ તમસને ભેદી આગળ વધતો રહે છે એને જ જીવનનો સાચો ઉજાસ સાંપડતો હોય છે.આમ જોઈએ તો આપણે જુદા જુદા અંધકારના ઓછાયા હેઠળ અટવાતા રહીએ છીએ.એ અંધકાર અજ્ઞાન થકી હોય,ખોટી માન્યતાઓ પ્રેરિત હોઈ શકે કે આપણા અહંકારનું પરિણામ પણ હોઈ શકે..અંધારૂં એ પ્રગતિની આડખીલી સમાન હોય છે..એમાંથી મુક્ત થવાની મથામણ એ જ સાચું જીવન ગણાય.. અડાબીડ લાગતું અંધારૂં અવનિ ઉપરનું અભેદ આવરણ છે.તેજોમય કોઈ લકીર જો માણસને હાથ લાગી જાય તો એનો બેડો પાર થઈ જતો હોય છે...'એક જ દે ચિનગારી મહાનલ..એક જ દે ચિનગારી..' આ પ્રાર્થનામાં આપણા સહુની એ ભાવના વણાયેલી છે.આપણે અગ્નિપૂજકો છીએ..રોજ સવારે પ્રગટતાં સૂરજનાં કિરણો આપણને નવો સંચાર આપી જાય છે.માણસ પ્રકાશનો પાલવ પકડીને ભવસાગર તરી જતો હોય છે..પ્રકાશ એ જ્ઞાનનો પર્યાય છે. એવું કહેવાય છે કે અજવાળું એ ફકત બહારનું જ નથી હોતું..માણસની ભીતર પણ એક જબરજસ્ત ઉજાસ પડેલો હોય છે એને આતમનું અજવાળું કહી આપણા લોકકવિઓએ એની ઓળખ આપી છે.અંતરના એ વૈભવ થકી માણસ ધારે તો મૌન થકી પણ ઝળહળ રોશની પામી શકે.આપણા શરીરમાં હંમેશા એક અગ્નિ ધરતી રહે છે..યજ્ઞમાં ફરફરતો અગ્નિ અને આપણા જઠરમાં ભભૂકતી આગ એના પ્રકાશમય આવરણ થકી અનેક નવાં રહસ્યો ખોલે છે..આપણા મનની શકિતને નવી દિશા આપે છે..જઠરાગ્નિ શબ્દની અર્થચ્છાયા સમજવા જેવી છે..અજવાળું ફકત અગ્નિ થકી જ પ્રગટતું હોય એવું નથી માણસના અવાજનું પણ અજવાળું હોઈ શકે.એના શબ્દોની પણ તેજસ્વિતા હોઈ શકે..પ્રતિભાના અજવાળે જીવન ઉન્નત કરી જનારા અનેક મહાપુરુષો આપણી નજર સામે છે..પ્રેમ એ પણ એક પ્રકાશ છે.પ્રેમપંથ પાવકની જવાળા છે..એના સહારે જીવનપથ ઉજાસમય બની જતો હોય છે.જગતમાં જયોત સે જયોત જલાવતા જવાની જાહોજલાલી હોય છે.અંધકારને ફેલાવવામા આપણી પાસે જે હોય છે એને પણ ગુમાવી દેવું પડે છે.દીપજયોતિ જયારે પ્રગટે છે ત્યારે જગતનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠતું હોય છે. પ્રકાશ એટલે જ્ઞાન..એનો વાહક ગુરૂ હોય છે.કોઈ પરમ તત્વને પામી જનાર સંત પણ હોઈ શકે..આપણે કોઈને પ્રેમ આપીએ હૂંફ આપીએ કે એને આશ્વસ્ત કરીએ ત્યારે પ્રકાશની ઉત્તમ અભિવ્યક્તિ આપતા હોઈએ છીએ.તેજનો તરાપો લઈને નિકળતો માણસ મરજીવાથી કમ નથી.જિંદગીનાં ઉછળતાં આડેધડ મોજાં સામે અડીખમ રાખનાર કોઈ પરિબળ હોય તો એ માણસની હામ છે..અને માણસની એ હામનું જો કોઈ હલેસું હોય તો એ એની અંદર ઝબકારા મારતો ઉજાસ હોય છે..દુનિયામાં પ્રકાશમય પર્વની ઉજવણી થતી હોય છે..કયાંય અંધકારનો ઉત્સવ નથી હોતો.

# ઓલિમ્પિક કે વિશ્વયુદ્ધની પૂર્વ ભૂમિકાનો અખાડો?

**તંત્રીસ્થાનેથી...**

ચીન આંતરરાષ્ટ્રીય સ્તરે માત્ર રાજધાની બીજિંગમાં ઓલિમ્પિક ખેલ યોજીને સંતોષ નથી પામતું. એને વૈશ્વિક મહાસત્તા તરીકે પોતાની વિસ્તારવાદી રાજનીતિનો ખેલ પાડી દેવાની પણ તક ઝડપી લેતાં આવડે છે. ભારત અને પાકિસ્તાન પૈકી પાડોશી રાષ્ટ્રોમાં એ પાકિસ્તાનને પ્રાથમિકતા આપે છે અને એ મુદ્દે ખોંખારીને બોલે છે. ગલવાન ઘાટીથી લઈ અરુણાચલ સુધીના મુદ્દે એ ભુતાન સરહદ નજીક ગામ વસાવવાથી માંડી હિમાલયને વીંધતી અકુંશ રેખા પર છેક ભારતની અંદર ઘૂસી જઈ ગામ વસાવવાથી લઈ સૈન્ય પરિવહન માટે હાઈવે તથા બ્રહ્મપુત્ર નદી પર તથા નાની નદીઓ પર પુલ અને બંધ બાંધવા સુધીના એના કાર્યક્રમો પાછળ ભારત પર ભવિષ્યમાં કરનાર આક્રમણ વખતની સુવિધાઓ સમય પહેલાં ઉપલબ્ધ કરાવવાનો જ ઈરાદો છે. પાકિસ્તાનમાં તો એણે કારાકોરમ પર્વતમાળાને સમાંતર હાઈવે બાંધી જ દીધો છે અને 'આઝાદ કાશ્મીર'નામે ઓળખાતા પાક અધિકૃત કાશ્મીરને જરૂર પડ્યે યુદ્ધનું ટેક ઓફ સેન્ટર બનાવી કાશ્મીર પર સીધો હુમલો થઈ શકે એવું ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરી જ દીધું છે. અફઘાનિસ્તાનની મબલક ખનિજ સંપદા પર એની પહેલાંથી જ કૂડી નજર છે. તાઈવાનના સાર્વભૌમત્વની સુરક્ષા મુદ્દે અમેરિકા અને મિત્ર રાષ્ટ્રોના સમર્થનમાં ભારતને પણ હોંકારો ભણવો પડ્યો છે જે ચીનને ભારત વિરુદ્ધ કાશ્મીર મુદ્દે પાકિસ્તાનની તરફેણ કરવા તથા કથિત 'નૈતિક' બળ પુરું પાડે છે. ઓલિમ્પિક ખેલોનો અમેરિકા સહિત યુરોપનાં રાષ્ટ્રોએ બહિષ્કાર કર્યો અને સમર્થન આપવા ભારતને પણ મજબુર થવું પડ્યું છે. આથી દુનિયા સ્પષ્ટ રીતે ચીન અને અમેરિકા જેવી બે શક્તિશાળી મહાસત્તાઓની વચ્ચે વહેંચાઈ ગઈ છે. ઓલિમ્પિક ખેલોના ઉદ્‌ઘાટન પ્રસંગે ઓચિંતા જ રશિયાના સર્વોચ્ચ નેતા વ્હાદિમીર પુનિત બીજિંગ પહોંચી ગયા અને અમેરિકા વિરુદ્ધ ચીન-રશિયા-પાકિસ્તાનની ધરી સ્પષ્ટ રુપે ઊપસી આવી. યુક્રેન કયારેક સોવિયેત રશિયાનો જ ભાગ હતું. એની સ્વતંત્ર હસ્તી કે હયાતી રશિયા જીરવી શકે એમ નથી. એની દાનત એના પર હાવી થવાની અને મેળ પડે તો ચીને તિબેટને ઓહિયાં કરી લીધેલું એમ સુવાંગ ગળી જવાની છે. ચીનને એના બદલામાં રશિયા તાઈવાન મુદ્દે સમર્થન આપવા તૈયાર થઈ ગયુ છે. સંયુક્ત નિવેદનમાં બેઉ દેશોએ એકબીજાના હિતોના રક્ષણ માટે સહયોગની વાત કરી છે. તાઈવાનને ચીનનો અવિભાજ્ય હિસ્સો ગણાવી રશિયા સ્પષ્ટ રીતે અમેરિકા અને નાટો દેશો ઉપરાંત ભારત વિરુદ્ધ ઊભું થઈ ગયું છે. તાઈવાનના સ્વતંત્રતાને નકારતા રશિયન નેતાને બદલામાં યુક્રેન મુદ્દે ચીનનું ખુલ્લું સમર્થન સાંપડ્યું છે. ૫૩૦૦ શબ્દોના વિસ્તૃત સંયુક્ત નિવેદનમાં બેઉ દેશોએ ઘરેલું બાબતોમાં અમેરિકાની ડખલ સામે નિશાન તાક્યુ છે. હોંગકોંગમાં અમેરિકા તોફાનોને પ્રોત્સાહન આપતું હોવાના ચીનના આરોપને રશિયા સમર્થન આપે છે. વિશ્વ ફરી એકવાર વધુ એક વિશ્વયુદ્ધના કગાર પર આવીને ઊભું છે જેમાં ભારતને અનિચ્છાએ પણ ઘસડાવું પડે એવી વિકટ પરિસ્થિતિ સરજાઈ છે.

## દિન મહિમા

- ૧૮૯૭ - ડો. ઝાકીર હુસૈનની જન્મ જયંતિ, ભારતનાં ભુતપુર્વ રાષ્ટ્રપતિ.
- ૧૯૦૬ - ચેસ્ટર કાર્લસન નો જન્મ. તેઓ અમેરીકન ભૌતિકશાસ્ત્રી, સંશોધક અને પેટન્ટધારક હતા. તેમણે આધુનિક યુગમાં ખુબ જ મહત્વ ધરાવતા ફોટો કોપીઅર (ઝેરોક્ષ) મશીનની શોધ કરી હતી
- ૧૯૭૧ - કનૈયાલાલ મુનશીની પુણ્યતિથિ, ગુજરાતી સાહિત્યકાર.

આજનું
### ઔષધ

- ઉલટી થવાથી શરીરમાં પોટેશીયમ, કેલ્શીયમ અનેસોડીયમની માત્રા ઘટી જાય છેઅનેઆથી થાક લાગે છે. ટામેટાનો રસ આ તત્વોની ઉણપ પરી કરે છે.

### ખડખડાટ

- જો તમારે કોઈનું મગજ નું દહી કરવું હોય તો બે ત્રણ મેસેજ કરીને ડિલીટ કરી દયો.

આજનો
### વોટ્સએપ

- બંધ ઘડીયાળ પણ દિવસમાં બે વખત સાચો સમય બતાવે છે, માટે જીવનમાં કોઈને નક્કામા ન સમજવા..!

# હજારો ગીતો થકી લતાજીના સ્વરના અજવાળા આપણને દિવ્યતાનો અહેસાસ કરાવતા રહેશે




તુમ્હેં ઔર કયા દું
મેં દિલ કે સિવાય
તુમકો હમારી ઉંમર લગ જાય.

આ ગીતના શબ્દો કેટલાયે સંગીતપ્રેમીઓએ એમના પુનઃ સ્વાસ્થ્યની પ્રાર્થના રુપે આત્મસાત કર્યા હશે...પણ એમ કયાં કોઈ રોકાય છે ? લતાજી પણ ના રોકાયા.... વસંત પંચમીના દિવસે મા સરસ્વતીનું પૂજન થયું અને છઠ્ઠના દિવસે જ જાણે મા લતા મંગેશકરના દૈહિક સ્વરુપમાં પંચમહાભૂતમાં વિસર્જન થયું.

મને કોઈ પૂછે કે 'તમે મા સરસ્વતીના સાક્ષાત દર્શન કર્યા છે ?' તો હું વિના સંકોચે હા પાડુ ને યાદ કરું એ અવસરને... આજથી બે દાયકા કરતા વધુ પહેલાના એ દિવસે આણંદ જિલ્લાના પ્રસિદ્ધ સ્ટુડિયો 'સૂર મંદિર'ના ઉદ્‌ઘાટન માટે લતા મંગેશકર આવ્યા હતા. અમે રાજયના પૂર્વ સાંસ્કૃતિક મંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી સાથે એ સમારોહમાં ગયા હતા અને મા સરસ્વતીના એ સાક્ષાત સ્વરુપના દર્શન થયા હતા.

ભારત રત્ન અવોર્ડથી વિભૂષિત લતા મંગેશકર, સૂર સામ્રાજ્ઞી - સૂર સાધિકા લતા મંગેશકર. સ્વર, લય અને શબ્દોનો અદ્‌ભૂત ત્રિવેદી સંગમ, નાદ સૌંદર્ય જાણે એમની સ્વર લહેરોમાંથી પ્રગટતું હતું. એમનો સ્વર શ્રોતાઓના હૃદયમાં દિવ્યભાવ પ્રેરિત કરતો હતો. ભારતીય કાવ્ય સંગીતને - સિનેમા સંગીતને વૈશ્વિક ઊંચાઈ પ્રદાન કરવામાં લતા મંગેશકરનું બહુમલ્ય પ્રદાન રહ્યું.

લતાજીએ એક મુલાકાતમાં એમના બાળપણનો પ્રસંગ કહ્યો હતો, તદઅનુસાર એમના પિતા શાસ્ત્રીય ગાયક અને સંગીતકાર હતા. એટલે ઘરમાં સંગીતનું વાતાવરણ હતું. લતાજી સાંભળથા, રસોડામાં કામ કરતી માતાને ૪-૫ વર્ષની દીકરી ગીતો ગાઈને સંભળાવતી. એક દિવસ દિનાનાથજી કોઈને ગીત શીખવતા હતા, બાળકી લતા ગેલેરીમાં સાંભળતી હતી, દિનાનાથજી થોડીવાર માટે બહાર ગયા, પેલા શિષ્ય જયાં ખોટું ગાઈ રહ્યા હતા તે સાચું બતાવવા ત્યાં જઈને, દીકરી લતાએ ગાયું.... એ જ સમયે પિતાજી ત્યાં આવ્યાં એમણે આ દશ્ય જોયું ને સાંભળ્યું, એમણે લતાના માતાને કહ્યું, 'ઘર મેં હી ગવૈયા બૈઠા હૈ ઔર મેં ક્યું બહાર સીખા રહા હું' બીજા દિવસે પિતાએ દીકરી લતાને વહેલી સવારે જગાડી, તાનપૂરો આપ્યો ને સંગીતની તાલીમ શરૂ થઈ.

એમની સાથે લાઈવ કોન્સર્ટમાં એન્કર તરીકે કામ કરનાર અને લતા દીદીની જીવનકથા લખનાર શ્રી હરીશ ભીમાણી કહે છે કે 'દુનિયાના અનેક દેશોમાં લતાજીએ શૉ કર્યા, એવા દેશો જયાં ફરી કદાચ જવાનું પણ ના થાય, પરંતુ એવા શહેરોમાં શૉમાં પણ લતાજી હંમેશા રિહર્સલ તો કરે જ, એક નહિ ત્રણ રિહર્સલ કરે. એમણે હજારો ગીતો ગાયા છે, બધા યાદ ન રહે એ સ્વાભાવિક છે, પરંતુ દરેક ગીતની બારીકીઓને લતાજી ઓરીજીનલ જેમ જ પ્રસ્તુત કરતા.'


લતાજી એક જીવંત દંતકથા બની ગયા અને એમના ગીતોનો અણમોલ ખજાનો આપીને ગયા. મરચા અને દહીં એમને પ્રિય હતા, જે ગીત ગાતા એ પોતાના અક્ષરમાં પહેલા લખતા, સેન્સ ઓફ હ્યુમર અદ્‌ભૂત હતી, ખુબ સારા નેરેટર હતા જે વિનોદી કિસ્સા સંભળાવે, ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુથી લઈને વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત વિધવિધ ક્ષેત્રના મહાનુભાવો લતા દીદીને આદર આપતા. ક્રિકેટ અને ક્રિકેટરો સાથે તેઓને પારિવારિક ઘરોબો હતો, એમને જે કામ ગમ્યું એ જ કામ લતાજીએ કર્યું છે, સ્ટુડિયોમાં પ્રવેશ કરે તો ચંપલ બહાર મુકીને જ જતા, નવોદિત સંગીતકારોને પણ પ્રોત્સાહન આપતા... આવી આવી તો અગણિત વાતો વાતાવરણમાં ગુંજયા કરશે અને લતાજી આપણા સ્મરણોમાં જીવંત રહેશે.

એમણે ગાયેલા અનેક ગુજરાતી ગીતો એ તો આપણા માટે સર્વકાલીન ઉપહાર છે જેને સાંભળીને અનેક પેઢીઓ ગુજરાતી ભાષાનું ગૌરવ ગાન કરતી રહેશે.

સૂર કયારેય શાંત નથી થતો, લતાજીનો સ્વર સદીઓ સુધી ગુંજતો રહેશે.

તુમ મુજે યું ભુલા ન પાઓગે અને રહે ના રહે હમ મહેકા કરેંગે બનકે કલી બનકે સબા બાગે વફામેં, અને મેરી આવાઝ હી પહેચાન હે જેવા હજારો ગીતો થકી લતાજીના સ્વરના અજવાળા આપણને દિવ્યતાનો અહેસાસ કરાવતા રહેશે.

# વિચારયાત્રા એટલે ૧૬ વર્ષનું ભાથું




વિચારયાત્રા એટલે લગભગ ૮૦૦ મંગળવારોનો મંગલોત્સવ

વિચારયાત્રા એટલે લગભગ ૮૦૦ લેખોનો સમૂહ...

વિચારયાત્રા એટલે છ પુસ્તકોનું પ્રાગટ્ય

વિચારયાત્રા એટલે આશરે આઠ લાખ વર્ણોનું લખાણ

વિચારયાત્રા એટલે ગધાપચીસીમાંથી પાકટ બેતાળામાં પ્રવેશનો પરવાનો..

વિચારયાત્રા એટલે છૂટાછવાયા અણઘડ વિચારોના પુંજ સમા વ્યક્તિત્વને સમજણની જણસ પીરસનારી યાત્રા...

વિચારયાત્રા એટલે વાચકોનો અનહદ પ્રેમોપહાર પામીને પોષિત અને શોભિત થયેલી યાત્રા...

વિચારયાત્રા એટલે નવા નવા સાહિત્ય પ્રેમી અને જ્ઞાનપિપાસુ મિત્રોનો સાથ અપાવનારી યાત્રા

વિચારયાત્રા એટલે છુટા છવાયા માર્ગ ભટકી રહેલા શિશુને યોગ્ય માર્ગ દેખાડીને પાટે ચડાવી દેનારી યાત્રા...

વિચાર યાત્રા એટલે માતા-પિતા, ભાઈ-બહેન, પત્ની, પ્રેમિકા, મિત્રો, સમાજ, પડોશીઓ અને ભગવાન સુધ્ધા સાથેના વાર્તાલાપની યાત્રા...

વિચારયાત્રા એટલે સ્વયંની સ્વયં સાથેની મુલાકાત ગોઠવી દેનારી યાત્રા...

વિચારયાત્રા એટલે કુદરતે આપેલા કારમા ઘાને પણ રૂઝ આપતું મલમ...

તો વળી વિચારયાત્રા એટલે કોઈ ચિરંતન વેદનાને ટીચરનું પૂમડું અડાડીને થતી ચચરાટી...

વિચારયાત્રા એટલે કોથળામાં પાનશેરી મારીને વાત કહી દેવાની કળા

વિચારયાત્રા એટલે ક્વીનાઈનની ગોળીને બદલે હોમિયોપેથીની મીઠી ટીકડીઓથી ચાબખા મારતી વાતો...

તો વળી વિચારયાત્રા એટલે કડુકરિયાતુની જેમ અત્યંત કડવા ઘૂંટડા પીવરાવતી મા.....

વિચારયાત્રા એટલે ગોળ-ગોળ વાત કરીને સીધા સતત પ્રશ્નો દર્શાવવાની રમત.....

તો વળી કોઈ વખત વિચારયાત્રા એટલે સંબંધોની ગોળગોળ આંટીઘૂંટીને સીધી રીતે સજાવવાની કોશિશ

વિચારયાત્રા એટલે હટકે ફિલ્મમાંથી પણ હટકે સંદેશ વાચકોને પીરસવાનો અભરખો

વિચારયાત્રા એટલે આડા હાથે મુકાઈ ગયેલા શ્રેષ્ઠ પુસ્તકનો પરિચય કરાવવાનો આયાસ

વિચારયાત્રા એટલે એવા માર્ગ પરની યાત્રા કે જેમાં ખાડા-ખડિયા, બમ્પ, અણધાર્યા વળાંક, ઉતાર-ચઢાવ સાથે સતત નવા નવા સમીકરણો સર્જીને વ્યક્તિત્વમાં સમજણનો ઉમેરો કરતાં જવાની યાત્રા...

વિચારયાત્રા એટલે ગાંધીનગર સમાચાર સાથે ૧૬-૧૬ વર્ષના ગાઢ સંબંધની ઉષ્મા આપનાર માઈલસ્ટોન...

વિચારયાત્રા એટલે મનના ઉભરાઓને ઠાલવી દેવાનું એવું સ્થળ કે જ્યાં ખાલી થઈ જવાથી ભરાઈ જવાય છે...

વિચારયાત્રા એટલે સુપ્રભાતમ્ ના સર્જક પૂજ્ય સુરેશભાઈના આશીર્વાદ

વિચાર યાત્રા એટલે ગાંધીનગર અને ત્યારબાદ સમગ્ર ગુજરાતના વાચકોની હુંફ

વિચારયાત્રા એટલે પ્રત્યેક જનનાં મનનું દર્પણ

વિચારયાત્રા એટલે અલંકારિક અને અટપટું વિશેષણોથી ભારેખમ લખાણ નહીંપ

પણ વિચારયાત્રા એટલે સાવ સાદી અને સરળ ભાષામાં મારા-તમારા-આપણા સૌની માહે પડઘાતા વિચારોનો અવાજ..

વિચારયાત્રા એટલે ૨૦૦૬થી ૨૦૨૨ સુધીની વ્યક્તિગત જીવનયાત્રાને સમૃદ્ધ બનાવનાર યાત્રા ...... વિચારયાત્રા એટલે નવા નવા વિચારોને અને દરેક દષ્ટિકોણને તપાસવાનો અભિગમ કેળવવાની કળા..

વિચારયાત્રા એટલે વર્તુળમાં હોવા છતાં વર્તુળની બહાર ઊભા રહીને જાતને ઈન્ટ્રોસ્પેકટ કરવાનો અભ્યાસ...

વિચારયાત્રા એટલે શિષ્ટાચારની માયાજાળ નહીં પણ નિખાલસ થઈને ઢોળાઈ જવાની જગ્યા...

વિચારયાત્રા એટલે અંતરના આસું અંતરમાં જ ધરબી દેવા અને પછી એ દબાયેલા આંસુને વાદળી શાહી સાથે કાગળ પર ઉતારવાથી થતી તૃપ્તિનો અનુભવ...

વિચારાયાત્રા એટલે આનંદની કોઈ ક્ષણ, પ્રવાસ દરમિયાન કોઈ અવર્ણનીય સ્થળના અનુભવને વાચકો સુધી લઈ જઈને મૂર્તિમંત કરવાનો યજ્ઞપ.

વિચારયાત્રા એટલે whatsapp થી, મેસેજથી, મેલ દ્વારા વાચકોના પ્રતિભાવોની શૃંખલાઓનું બંધન....

વિચારયાત્રા એટલે ઈસ્ટમેન કલરથી લઈને બ્લેક એન્ડ વ્હાઈટ ક્ષણોનું સાક્ષ્ય પૂરતું સ્વજન..

વિચારયાત્રા એટલે એક કોલમ માત્ર નહીં પરંતુ મારા જીવનનું નિકટતમ પાત્ર....

વિચારયાત્રા એટલે સાતત્ય સાથે સતત અવિરત લખતા રહેવાની વહેતા રહેવાની શીખ..

વિચારયાત્રા એટલે શ્રી કૃષ્ણકાંતભાઈ જહાનો સ્નેહ....માર્ગદર્શન.... અને સહકારનો પુષ્પગુચ્છ...

- jayuoza@gmail.com, Mo.9898046488

# ગુજરાતી પત્રકારોની કલમમાં દમ છે એટલે જ ભારતીય પત્રકારત્વના આકાશમાં




ગુજરાતી અખબારોનું સ્થાન બુલંદ છે

નવી શોધની જનની નવું જાણવાની તમન્ના છે. સમય, સ્થળ અને આવશ્યકતા એવી નવી વસ્તુઓની શોધ કરી આપે છે કે, જે માનવીની ઈચ્છાઓ સાથે સીધી રીતે જોડાયેલી હોય છે. આદિ-અનાદિ કાળમાં જંગલી જીવન જીવતો માનવી એની વૈચારિક શક્તિ, બુદ્ધિપ્રતિભા અને ભાષાની અભિવ્યક્તિથી બીજા પ્રાણીઓથી અલગ ઊભરીને આવ્યો. માનવીને નવું જાણવાની અને અભિવ્યક્ત થવાની ઐશ્વરીય દેન છે. આના પરિણામે જ માનવીને ભાષાની આવશ્યકતા ઊભી થઈ. માનવીએ સંશોધિત કરેલી શબ્દ અને ભાષા માનવીય સંસ્કૃતિના વિકાસનું મુખ્ય પરિમાણ બન્યું. ભાષાને ચોક્કસ રીતે લીપીબદ્ધ કરવા મુદ્રણકળાની આવશ્યકતા જણાઈ.

મહંજોદડોમાંથી મુદ્રણકલાનો લગભગ ૫૦૦૦ વર્ષ પુરાણી ઐતિહાસિક કલાત્મક મુદ્રાઓ જોવા મળે છે. ચાણક્યના કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં 'મુદ્રા' શબ્દનો ઉલ્લેખ પણ છે. પૌરાણિક કાળમાં સંકેતો અને ચિત્રો સ્વરૂપે અભિવ્યક્તિ થતી. ગુફાઓમાં ચિત્રો સ્વરૂપે માનવી પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતો. એટલે સ્વભાવિક રીતે જ એમ કહી શકાય કે, અક્ષરોની ગુંથણીથી સુવ્યવસ્થિત ભાષાની શોધ થઈ એ પહેલાં સાંકેતિક ચિત્રોની ભાષામાં અભિવ્યક્તિ તો હતી જ. અને પછી ભાષાની શોધ થયા પછી સંદેશાવ્યવહાર માટે તેનો વ્યાપક ઉપયોગ અસ્તિત્વમાં આવ્યો. એમાંથી પત્રકારત્વના ક્ષેત્રનો ઉદય થયો. ગુજરાતી પત્રકારત્વએ બે સદીની દડમજલ પૂરી કરી છે. ગુજરાતી પત્રકારત્વની વિગતે વાત કરીએ એ પહેલાં થોડી પત્રકારત્વના મૂળમાં રહેલી મુદ્રણકળાની વિગતો પણ તપાસી લઈએ.

ચીનને મુદ્રણકળાનું જનક કહેવાય છે. સર ઓરેલ સ્ટેઈન વોગે 'હિસ્ક સૂત્રહ્ન નામનું પુસ્તક પહેલ વહેલું શોધી કાઢ્યું. કહેવાય છે કે, આ પુસ્તક ઈ.સ. ૬૮૬માં પ્રસિદ્ધ થયું હતું. ક્રમશઃ ૧૫મી સદીની આસપાસ જર્મનીના જ્હોન ગુટનબર્ગે મુદ્રણ કળાને મોર્ડન ટચ આપ્યો. ઈ.સ. ૧૪૫૦થી ઈ.સ. ૧૪૫૨ની વચ્ચે ગુટનબર્ગે પહેલું પુસ્તક બાઈબલ પ્રસિદ્ધ કર્યું. આજે તો એ જાણીને આશ્ચર્ય થાય કે, જે કામ ત્રણથી ચાર કલાકમાં થઈ શકે છે એ કામને તે સમયે ત્રણ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. ત્યારબાદ ૧૪૬૯માં રોમ, ૧૪૭૦માં પેરીસ, ૧૪૭૩માં બુડાપેસ્ટ, ૧૪૭૬માં વેસ્ટમિન્શન, ૧૪૭૯ જીનિવા, ૧૪૮૦માં લંડનમાં પ્રિન્ટીંગ પ્રેસના પડઘમ વાગવા લાગ્યાં હતાં.

લગભગ એક સદી પછી એટલે કે, ભારતમાં ૧૫-૧૬મી સદીમાં મુદ્રણ કળા પ્રવેશી. અંગ્રેજોના આગમન પહેલાં હિન્દુસ્તાનમાં મુદ્રણકલાનો આરંભ થઈ ચૂક્યો હતો. જો કે, મુદ્રણકળાની શોધ પહેલાથી જ હિન્દુસ્તાનના પ્રાચીન સાહિત્યો, વેદ, ઉપનિષદ, સુકતીઓ વગેરે ભારતના મેઘાવી ઋષિમુનીઓ કંઠસ્થ રીતે અભિવ્યક્ત કરતાં હતાં. અને તે પછી હસ્તપ્રતો, તામ્રપત્રો વગેરે ઉપર તેને સંગ્રહિત કરવામાં આવતી. એ યુગ લહીયાઓનો હતો. આ લહીયાઓને કારણે જ અલભ્ય પ્રાચીન સાહિત્ય આજે ઉપલબ્ધ થઈ રહ્યું છે. મોગલોના કાર્યકાળ દરમિયાન જનતાને સુચિત કરવા માટે વર્તમાનપત્રો લખવા અને રાજ્યના વહીવટની નોંધો કરવા માટે કુશળ લહીયાઓ રાખવામાં આવતા હતા. પ્રાધ્યાપક નીતાબેન પરીખના મતે મોગલોના આ લહીયાઓને કારણે ભારતમાં મુદ્રણકળાનો વિસ્તાર મોડો થયો.

આજનો જમાનો ઝડપથી અભિવ્યક્ત થવાનો અને જાણકારી મેળવવાનો છે.




એક જમાનામાં માત્ર મુદ્રિત માધ્યમોથી જ સમાચારોની આપ-લે થતી હતી. આજે ટીવી ચેનલો અને ઈન્ટરનેટ-સોશિયલ મીડિયા દ્વારા પ્રત્યેક વ્યક્તિ સરળતાથી અને ઝડપથી અભિવ્યક્ત થઈ શકે છે. પણ આપણે અહીં વાત કરવી છે ગુજરાતી વર્તમાનપત્રોના સીલસીલાબંધ ઐતિહાસિક તાણાવાણાની. ખીંચો ન કમાનો કો, ન તલવાર નિકાલો, જબ તોપ મુક્કમિલ હો, તો અખબાર નિકાલો... અમેરિકન સ્વાતંત્ર્યનું જાહેરનામું જેમણે ડ્રાફટ કર્યું હતું એવા થોમસ જેફરસનનાં મતે પત્રકારત્વનાં પવિત્ર વ્યવસાયનો અદકેરો પ્રભાવ રહ્યો છે. એમણે કહ્યું હતું કે, 'જો મારે નિર્ણય કરવાનો હોય કે અમેરિકામાં વર્તમાનપત્ર વિનાની સરકાર હોવી જોઈએ કે સરકાર વિનાના વર્તમાનપત્રો, તો હું એક પણ પળ વિચાર્યા વગર કહું કે, બીજી સ્થિતિ હોવી જોઈએ.' ભારતીય પત્રકારત્વ જગતમાં ગુજરાતી પત્રકારત્વનું આગવું સ્થાન રહ્યું છે. જે રીતે ગુજરાતે ઘણી બાબતોમાં ભારતને આગવી દોરવણી આપી છે એમ ગુજરાતી પત્રકારત્વએ પણ દેશને અનેક નૂતન કેડીઓ કંડારી આપી છે.

નેપોલિયન બોનાપાટ કહેતા કે, 'પત્રકાર કચકચ કરનારો, ઠપકો આપનારો, નિંદા કરનારો, સલાહ આપનારો સ્વાતંત્ર્યનું રક્ષણ કરનારો છે. પત્રકાર રાષ્ટ્ર ઉપર અંકુશ રાખનારો રાષ્ટ્રનો સાચો રક્ષક છે.' કલમના ખોળે માથું મૂકનારા પત્રકારો માટે જાણીતી બે લાઈનોનો અહીં ઉલ્લેખ ઉચિત રહેશે. કલમ દેશકી બડી શક્તિ હૈ, ભાવ જગાનેવાલી, દિલમે નહીં દિમાગોમે ભી આગ લગાનેવાલી... ગુજરાતી પત્રકારત્વનો પ્રભાવ અને વિશ્વસનીયતાનું ધોરણ ઉચુ રહ્યું છે. વર્ષો પહેલાં હળવદની એક મહિલાએ સાધનાને લખેલો પત્ર આનું ઉત્તમ ઉદાહરણ છે. મહિલાએ લખ્યું હતું કે, 'થોડા દિવસો પહેલાં અમારું લમાજમ પુરું થયાનો તમારો કાગળ મળ્યો છે. મારી એક મુશ્કેલી છે. અમારા ઘરમાં 'સાધનાહ્ન માટે હું અને મારા વૃદ્ધ સ્વસુર ભેગા મળીને રકમ એકઠી કરીને ચૂપચાપ મોકલાવતાં હતાં. મહિના માસ પહેલાં એ ગુજરી ગયા છે. મારા પતિ કંજૂસ છે, પણ મારે 'સાધના' વાંચવું છે કેમ કે, તમે મોટી લડાઈ લડી રહ્યા છો. હું મારા ઘરખર્ચના પૈસા ભેગા થતાં જ મોકલી આપીશ. ત્યાં સુધી 'સાધના' બંધ ના કરો એવી વિનંતી છે.' એ સમયે આવી હતી વાંચકોની વાંચનભુખ.

ગુજરાતી પત્રકારત્વ જગતની વાત આવે એટલે બે પારસી બાવાનું નામ માનસપટ પર રમવા લાગે. એમાં સૌથી પહેલાં ફરદુનજી મર્જબાન કે જેમણે મુંબઈ સમાચાર અખબાર દ્વારા ગુજરાતી પત્રકારત્વનો પરચમ લહેરાવ્યો. બીજા ડો. રતન માર્શલ કે, જેમણે નિષ્ઠાપૂર્વક સંશોધન કરીને ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ એમની કલમથી કંડાર્યો. આજે રતન માર્શલનું પુસ્તક 'ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસહ્ન પુસ્તકને પત્રકારત્વનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ મહત્વપૂર્ણ રેફરન્સ બુક તરીકે સાચવીને રાખે છે. બે સદી પહેલાં ૧ જુલાઈ, ૧૮૨૨ના રોજ ફરદુનજી મર્ઝબાને 'શરી મુમબઈના શમાચારહ્ન સાપ્તાહિક સ્વરૂપે પ્રસિદ્ધ કરીને ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે પદાર્પણ કર્યા. લગભગ એક દાયકા પછી મુંબઈ સમાચાર સાપ્તાહિકમાંથી દૈનિક સ્વરૂપે પ્રસિદ્ધ થવા લાગ્યું.

ત્યારબાદ વર્ષ ૧૮૬૩માં પ્રવિણકાંત રેશમવાલાએ સૂરતથી ગુજરાતમિત્ર દૈનિક શરૂ કર્યું. સપ્ટેમ્બર, તા. ૧, ૧૮૬૪ના રોજ વીર નર્મદે દાંડીયો પીટ્યો. ડૉ. રતન માર્શલ ડાંડીયો અને સ્પેકટેટર વચ્ચે ઘણુ સામ્ય હોવાનું નોંધે છે. એડિસનની જેમ નર્મદ બિલકુલ હળવી શૈલીમાં લખતા. જો કે નર્મદ પોતાના વિરોધીઓ સામે વધુ પડતા આક્રમક હતાં. નિર્ભયતા અને હિંમતપૂર્વકનું લખાણ ડાંડિયાના મુખ્ય લક્ષણ હતાં. ગુજરાતી પત્રકારત્વની ગંગોત્રી મુંબઈથી નીકળીને વર્ષ ૧૮૬૩-૬૪માં સુરત પહોંચી. ત્યાર પછી તે પ્રજાબંધુ દ્વારા વર્ષ ૧૮૯૫માં અમદાવાદ આવી. ૨૦મી સદીની શરૂઆતમાં ગાંધીજીએ પત્રકારત્વ જગતમાં પ્રવેશ કર્યો. ઓગસ્ટ, તા. ૮, ૧૯૧૯ના રોજ મોહનદાસ કરમચંદ ગાંધીના તંત્રી પદે 'નવજીવનહ્ન પ્રસિદ્ધ થયું અને ૧૯૩૨માં નવજીવનનું નામ હરિજનબંધુ થયું. અત્રે એ ઉલ્લેખનીય રહે કે, ગાંધીજીએ એમના જીવનકાળના ચાર દાયકા સુધી સક્રિય પત્રકારત્વ કર્યું છે.

આઝાદીના વર્ષ ૧૯૪૭ પહેલાં જેટલાં પણ ગુજરાતી અખબારો પ્રસિદ્ધ થયાં તે સ્વાતંત્ર્ય સંગ્રામને બળ આપવાના હેતુથી જ અસ્તિત્વમાં આવ્યા હોવાનું લાગે છે. નંદલાલ બોડીવાલાએ વર્ષ ૧૯૨૩માં સંદેશ દૈનિકનો પ્રારંભ કર્યો. શરૂઆતમાં આ સાંધ્ય દૈનિક હતું અને વર્ષ ૧૯૩૦થી એ સવારના દૈનિક સ્વરૂપે આજ પર્યંત પ્રસિદ્ધ થઈ રહ્યું છે. વર્ષ ૧૮૯૫થી પ્રજાબંધુ અખબાર શરૂ થયું અને તે વર્ષ ૧૯૩૨માં ગુજરાત સમાચાર નામાભિધાન સાથે આજપર્યંત પ્રસિદ્ધ થાય છે. જાન્યુઆરી, તા. ૨૬, ૧૯૬૨થી અમદાવાદમાં જયહિન્દ દૈનિકનું પદાર્પણ થયું. છ દાયકાથી લાગલગાટ જયહિન્દ વર્તમાનપત્ર પ્રસિદ્ધ થઈ રહ્યું છે.

સૌરાષ્ટ્રના સીમાડે પહોંચેલા ગુજરાતી પત્રકારત્વની વાત કરીએ તો 'ફૂલછાબ' દૈનિકે સદી પૂરી કરી છે. ભૂજથી પ્રસિદ્ધ થતાં 'કચ્છમિત્ર'એ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે. રાજકોટથી પ્રસિદ્ધ થતાં 'જયહિન્દ' દૈનિકને પણ પોણી સદી પૂરી કરી છે. 'અકિલાહ્ન દૈનિકને સાડા ચાર દાયકા પૂરા થયાં છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના 'સાંજ સમાચાર', 'આસપાસ' વગેરે સાંધ્ય દૈનિકોનું પણ ગુજરાતી પત્રકારત્વમાં અદકેરું સ્થાન રહ્યું છે. જામનગરમાંથી વર્ષ ૧૯૫૬માં સ્વ. રતિલાલ માધવાણીએ 'નોબત' દૈનિક શરૂ કર્યું હતું. આ ઉપરાંત વર્ષ ૧૯૭૩માં જામનગરમાં સાંધ્ય દૈનિક 'ભૂમિહ્ન શરૂ થયું હતું. જૂનાગઢમાંથી 'સૌરાષ્ટ્રભૂમિહ્ન, ભાવનગરમાંથી 'સૌરાષ્ટ્ર સમાચાર', 'પગદંડીહ્ન, 'લોકરાજ', 'સમીસાંજ' જેવા અખબારોએ પદાર્પણ કર્યું.

વર્ષ ૧૯૬૭માં એક ગુજરાતી રામુભાઈ પટેલે 'વેસ્ટર્ન ટાઈમ્સ' અંગ્રેજી અખબાર શરૂ કર્યું અને ત્યાર પછી 'વેસ્ટર્ન ટાઈમ્સ'ની ગુજરાતી આવૃત્તિ પણ પ્રસિદ્ધ થવા લાગી. ૨૧મી સદીના આરંભે વર્ષ ૨૦૦૩થી 'દિવ્ય ભાસ્કર' ગુજરાતી અખબાર અમદાવાદથી પ્રસિદ્ધ થયું. આ પહેલાં રાષ્ટ્રીય અંગ્રેજી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પણ ગુજરાતીમાં પ્રસિદ્ધ થતું હતું પરંતુ થોડાક વર્ષોમાં તે બંધ થઈ ગયું. વર્ષ ૨૦૧૩થી નવગુજરાત સમય અમદાવાદમાંથી પ્રસિદ્ધ થઈ રહ્યું છે. ૧૯૮૨થી ગાંધીનગરમાં ગાંધીનગર સમાચાર નામનું સાપ્તાહિક શરુ થયું હતું તે ૧૯૮૬થી દૈનિક વર્તમાનપત્ર તરીકે પ્રસિદ્ધ થઈ રહ્યું છે.

મુંબઈનુ સમકાલિન અમદાવાદના જનસત્તા લોકસત્તા, સમભાવ, પ્રભાત ગુજરાતી વર્તમાનપત્રોએ પણ એક અલગ ઓળખ ઊભી કરી હતી. ગુજરાતી પત્રકારત્વના આકાશમાં અનેક દૈનિક વર્તમાનપત્રો, સાપ્તાહિકો, સામયિકોનું મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે. એક લેખમાં ગુજરાતી પત્રકારત્વના તમામ પાસા અને એના પરિમાણોને પ્રસ્તુત કરવા એ સમુદ્રને ઉલેચીને ઢોચકીમાં ભરવા જેવી વાત કહેવાય. આમ છતાં પ્રત્યેક ગુજરાતીને ગુજરાતી વર્તમાનપત્રોના દૈદિપ્યમાન ઐતિહાસિક વારસાથી અવગત કરાવવાનો એક નાનકડો પ્રયાસ કરવાની કોશિષ કરી છે. સંભવતઃ આ પ્રયાસમાં ક્યાંક કોઈક નામોલ્લેખ કરવામાં ચૂકી જવાયું હોય કે ક્ષતિ હોય તો વિનમ્રતાપૂર્વક આગોતરી દિલગીરી અભિવ્યક્ત કરી રહ્યો છું.

**ધબકાર :**

જીસકે મનમે ભાવ સચ્ચા હોતા હૈ, ઉનકા હર કામ અચ્છા હોતા હૈ

**(સંદર્ભ : અગ્રણી અખબારો-યાસીન દલાલ, પત્રકારત્વનો ઇતિહાસ-વિષ્ણુ પંડ્યા, સાહિત્ય અને પત્રકારત્વ-કુમારપાળ દેસાઈ, પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન, એક શતકનું પત્રકારત્વ-ચારૂલતાબહેન ગામીત)**